**મે. લેબર કોર્ટ મહેસાણાના એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (સીનીયર ડીવીઝન) શ્રી એમ.એમ.અગ્રવાલ સમક્ષ, મુ મહેસાણા.**

**ફોજદારી કેસ નં. ૨/૨૦૨૬**

**આંક–૭**

ફરીયાદી– ગુજરાત સરકાર વતી, ડી.આર.પરમાર, સરકારી શ્રમ અધિકારી અને
બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ,
૧૯૮૬ અન્વયેના નિરીક્ષક, જી.મહેસાણા.

**// વિરૂધ્ધ //**

તહોમતદાર– વિક્રમસિંહ નટવરસિંહ રાજપુત (માલિક)
ક્રિષ્ના ઓટો ગેરેજ (સંસ્થા)
સાકાર કોમ્પલેક્ષ, વાઈડ એંગલ સિનેમાની સામે,
પુલની બાજુમાં, મહેસાણા.

**ગુનો – બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમની કલમ–૧૪(૩)(બી) અનુસાર શિક્ષાને પાત્ર, નિયમ–૩(૧), કલમ–૭(૨), નિયમ–૩(૨), નિયમ–૪(૧), કલમ–૯ અને નિયમ–૫(૧) મુજબ.**

## // ચુ કા દો //

(૧) હાલની ફરિયાદ લેબર એન્ફોર્સમેન્ટ ઓફિસર (સેન્ટ્રલ) અને કોન્ટ્રાકટ મજુર અધિનિયમ ૧૯૭૦ અન્વયે નિરીક્ષક, મહેસાણાનાઓ દ્વારા દાખલ થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૧૦ મુજબ ફરિયાદીએ રજુ કરતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૨૩ વંચાણે લઈને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૨૭ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપી વિરૂદ્ધ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો આરોપીએ બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમની કલમ–૧૪(૩)(બી) અનુસાર શિક્ષાને પાત્ર **નિયમ–૩(૧), કલમ–૭(૨), નિયમ–૩(૨), નિયમ–૪(૧), કલમ–૯ અને નિયમ–૫(૧)** ના ભંગ બદલ કલમ–૨૪ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોઈ હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૨) સદર કામના આરોપી વિરૂદ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ જે આરોપીને બજી ગયેલ છે. આજરોજ આરોપી અત્રેની કોર્ટ સમક્ષ સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કરેલ છે. ત્યારબાદ ફરીયાદ મુજબ ગુનાની વિગતો

જણાવી ગુનો કબુલ છે કે કેમ તેવુ પુછવામાં આવેલ જેથી આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવી અને અલગથી આંક–૫ થી ગુનાની કબુલાત અંગે પુરસીસ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે રજુ કરેલ છે. આરોપીએ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા તેઓને સમજાવવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે. આમ છતાં આરોપીએ પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની આંક–૬ થી પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુનો કોઈપણ જાતનું દબાણ અને લાલચ વિના કબુલ કરતા હોવાનું જણાવીને કબુલાત પુરસીસ રજુ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, અમો આરોપીનો ગુનો કરવાનો કોઈ ઈરાદો ન હતો, અજાણતા અને અજ્ઞાનતાના કારણે ગુનો બનવા પામેલ છે. આ પ્રથમ ગુનો છે તેમજ બનાવ બન્યા બાદ પણ આવો કોઈ બનાવ અમો આરોપીની સંસ્થામાં બનવા પામેલ નથી. આ ગુના બદલ અમો અફસોસ વ્યકત કરી પસ્તાવો જાહેર કરીએ છીએ અને ભવિષ્યમાં આવો ગુનો ન બને તેનો પુરેપુરો ભરોસો અને ખાતરી આપીએ છીએ. અમો આરોપી અમારા કુટુંબ પરીવાર ધરાવતા વ્યકિત છીએ અને કુટુંબમાં માત્ર અમો કમાનાર વ્યકિત હોઈ અમારા કુટુંબની જવાબદારી અમારા શીરે છે. અમોને કેદની સજા કરવામાં આવે તો અમારા ધંધા રોજગાર બંધ થઈ પડે જેથી અમારા પરીવારને તેમજ સંસ્થાના કામદારને તેનો ભોગ બનવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેમ છે માટે અમો આરોપીને માત્ર દંડની જ અને તે પણ કાયદાની જોગવાઈથી ઓછામાં ઓછા દંડની સજા કરવા અરજ કરેલ છે.

(૪) તે સંજોગોમાં આરોપીએ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરેલ છે. વધુમાં આરોપી સામેના ગુનાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમની કલમ–૧૪(૩)(બી) અનુસાર શિક્ષાને પાત્ર **નિયમ–૩(૧), કલમ–૭(૨), નિયમ–૩(૨), નિયમ–૪(૧), કલમ–૯ અને નિયમ–૫(૧)** ના ભંગ બદલ કલમ–૨૪ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરેલ છે. તે સંજોગોમાં આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોઈ તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈઓનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતાં તથા ગુનો કબુલ કરનારની ઉંમર કેસની હકીકત, સજાની જોગવાઈ, ગુનાનો પ્રકાર વિગેરે તેમજ **નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પાન નં. ૭૦૯** આપવામાં આવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતાં તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમની કલમ–૧૪(૩)(બી) અનુસાર શિક્ષાને પાત્ર **નિયમ–૩(૧), કલમ–૭(૨), નિયમ–૩(૨), નિયમ–૪(૧),**

**કલમ–૯ અને નિયમ–૫(૧)** ના ભંગ બદલ કલમ–૨૪ મુજબના ગુના સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને ભંગ બદલ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીએ કુલ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) દંડ ભરવો.

(૨) આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતના સ્પેશ્યલ દિવસે વાંચી સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

સ્થળઃ મહેસાણા.
તા. ૧૪/૦૩/૨૦૨૬

(મીમાંશા મહેશ અગ્રવાલ)
UIC: GJ 01382
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સીનીયર ડીવીઝન),
લેબર કોર્ટ, મહેસાણા.